## ઉત્પત્તિમાં શરૂઆતના પૂર્વજોના વૃતાંતના મૂળભૂત સત્યો

**૧. દેવના વચન વડે તમારા હૃદય અને મનને તૈયાર કરો.**

તમે આ અભ્યાસ એક સામટો કરી શકો છો અથવા એક અઠવાડીયામાં એક-બે પૂર્વજનો અભ્યાસ એ રીતે કેટલાક અઠવાડીયા સુધી કરી શકો છો.

**પ્રાર્થના** - હે પ્રભુ, આ પૂર્વજોના જીવનના અભ્યાસ દ્વારા તમારા અનંત સત્યો સમજવામાં મારી સહાય કરો.

(એ). શેતાને પરીક્ષણ કર્યું ત્યારે આદમે પાપ કર્યું. પૃથ્વીની ઉત્પત્તિના સમયગાળામાં આ થયું ઉત:૧-૩

- **મૂળભૂત સત્ય :** જ્યારે આદમે પાપ કર્યું ત્યારે તે જગતમાં પાપ અને મરણ લાવ્યો તેથી બધા પાપ કરે છે. રૂ૫:૧૨-૨૧
- **આ પ્રશ્નોની ચર્ચા કરો. :** જ્યારે શેતાને હવાને લલચાવી ત્યારે શેતાને શેની પ્રતિજ્ઞા આપી ? પાપ ખૂબ લલચાવનારૂં કેમ છે ?

(જવાબ-શેતાને જૂઠું બોલીને તેને કહ્યું કે તે દેવના જેવી જ્ઞાની થશે અને મરશે નહિં.)



(બી). **નૂહ** - તે દેવને આધિન થયો અને તેણે જંગી જહાજ બનાવ્યું કે જેમાં સર્વ પ્રકારના પ્રાણીઓ અને તેનું કુટંબ જળપ્રલયથી બચાવ પામ્યા. ઉત્ત.૬-૯

- **મૂળ સત્ય :** દેવ પાપીઓને શિક્ષા કરે છે પણ થોડા જેઓ તેને આધિન થાય છે તેમને બચાવે છે. ઈસુએ અંતિમ ન્યાયની સરખામણી નૂહના જળપ્રલય સાથે કરી છે. માત. ૨૪:૩૭-૪૨
- **ચર્ચા પ્રશ્ન :** ઈસુનું પુનરાગમન આપણા જીવનનો માટે છે તે સત્ય સાથે નૂહનું વહાણ કઈ રીતે સામ્ય ધરાવે છે ?

(જવાબ- ઈસુ આપણને નવું જીવન આપે છે. આપણે તેનું શરીર છીએ. જેમ વહાણમાં હોવાથી નૂહ અને તેનું કુટંબ મરણ અને શિક્ષામાંથી બચી ગયા તેમ ખ્રિસ્તમાં રહેવાથી આપણી સલામતી છે.)



(સી). **ઈબ્રાહીમે** દેવના વચનો પર વિશ્વાસ કર્યો અને દેવે તેની સાથે ગંભીર રીતે કરાર કર્યો. ઉત્ત.૧૨-૨૬ ઈબ્રાહીમની જેમ સર્વ દેશનાં લોકો પણ દેવના વચનો પર વિશ્વાસ કરે છે ત્યારે આશિષ પામે છે.

ઉત્ત.૧૨:૧-૭માં ઈબ્રાહીમના સંતાન દ્વારા બધા દેશના લોકોને આશિષનું દેવનું વચન છે. તે શોધો.

૧૪ માં અધ્યાયમાં ઈબ્રાહીમના ભત્રીજા લોટને વિદેશી પાંચ રાજાઓ ઉપાડી ગયા. ત્યારે ઈબ્રાહીમે તેમને હરાવ્યા.

દેવે આશ્ચર્ય પમાડતી કાર્યવિધિ દ્વારા પોતાનો કરાર દઢ કર્યો. ૧૫ માં અધ્યાયમાં **શોધો.**

લોટ અને તેના કુટુંબ માટે ઈબ્રાહીમે કેવી મધ્યસ્થી કરી તે ૧૮ માં અધ્યાયમાં **શોધો**.

દુષ્ટ શહેર સદોમનો દેવે કેવો નાશ કર્યો તે ૧૯ માં અધ્યાયમાં **શોધો.**

- **મૂળ સત્ય :** આપણા આત્મિક પિતા ઈબ્રાહીમની માફક દેવ આપણા વિશ્વાસને કારણે આપણો સ્વીકાર કરે છે. ગલા૩ઃ૩-૬
- **આ પ્રશ્ન ચર્ચો** : માણસો તેમના વિશ્વાસને કારણે તારણ પામે છે કે તેઓ પોતાના સારા કામની લાયકાતને કારણે તારણ પામે છે ?

(જવાબ- એફે૨ઃ૮-૧૦ દેવ આપણી સારી કરણીઓ ને કારણે નહીં પણ તેની દયા અને આપણા વિશ્વાસને કારણે આપણું તારણ કરે છે. આપણા સારા કામો વિશ્વાસમાંથી ઉત્પન્ન થાય છે.)

**ઈસ્હાક** - ઈબ્રાહીમ અને સારાહની બાળક પેદા કરવાની ઉંમર પૂરી થઈ ગયા પછી દેવે તેમને વચનનો ચમત્કારિક દીકરો આપ્યો હતો.ત.૨૧-૨૮. દેવે ૨૨માં અધ્યાયમાં તેના દીકરાનું બલિદાન કરવાનું કહ્યું. દેવ ઈબ્રાહીમના વિશ્વાસની કસોટી કરતો હતો. દેવે ઈબ્રાહીમને વચન આપ્યું હતું કે ઈસ્હાક તેનો વારસ થશે અને એક દિવસ તેના દ્વારા તેની પ્રતિજ્ઞા પૂરી કરશે.

૨૪ માં અધ્યાયમાં એ શોધો કે ઈબ્રાહીમનો ચાકર ઈસ્હાકને માટે એક સાચા ઈશ્વર પર વિશ્વાસ ધરાવતી પત્ની શોધવા ગયો.

- **મૂળ સત્ય** - દેવ કેટલાક માણસો શંકા કરે તો પણ તેની પ્રતિજ્ઞાઓ પૂરી કરે છે. જ્યારે દેવની પ્રતિજ્ઞાની રાહ જોવામાં ઈબ્રાહીમ થાકી ગયો ત્યારે તેના સ્વપ્રયત્નથી તે પ્રતિજ્ઞા પૂરી કરવા તેણે પ્રયાસ કર્યો. તેને કારણે ઈસ્માઈલ જનમ્યો જે આરબોનો પૂર્વજ હતો. આ પ્રજામાં પાછળથી ઈસ્લામની ખોટી માન્યતાનો ઉદય થયો કે જે માને છે કે માણસો પોતાના પ્રયત્નો વડે તારણ પામી શકે છે. ગલા-૪ઃ૨૧-૩૧.
- **આ પ્રશ્નોની ચર્ચા કરો**

દેવે ઈબ્રાહીમના વિશ્વાસની કેવી રીતે પરખ કરી ?

(જવાબ - દેવે ઈબ્રાહીમને તેના દીકરાને મારી નાંખવાનું કહ્યું. જ્યારે દેવે જોયું કે ઈબ્રાહીમ તેને આધીન થયો છે ત્યારે દેવે ઈસ્હાકની જગાએ બલિ માટે ઘેટો પૂરો પાડ્યો. હે ૧૧ઃ૧૭-૧૯ જણાવે છે કે દેવ ઈસ્હાકને મરણમાંથી સજીવન કરી શકે છે તેવો ઈબ્રાહીમે વિશ્વાસ કર્યો .)

કઈ રીતે આ નર ઘેટો ખ્રિસ્તની ભવિષ્યવાણીરૂપ અથવા પ્રતિછાયારૂપ ગણી શકાય ?

(જવાબ - આ નર ઘેટો તે નિર્દોષ બલિ હતો જેનું લોહી બીજા માટે વહેવડાવામાં આવ્યું હતું. આ બાબત જૂના કરારના બીજા ઘણાં લોકો અને બનાવોની માફક પ્રભુ ઈસુના આવ્યા અગાઉ ખ્રિસ્તની પ્રતિછાયારૂપ ગણી શકાય. આવી ઘટનાઓ ખ્રિસ્તના આવ્યા અગાઉ તે જ્યારે આવે ત્યારે તેના પર વિશ્વાસ કરવા લોકોને તૈયાર કરવા માટે હતી.)



યાકૂબે દેવના આશિર્વાદો શોધ્યા. દેવે યાકૂબનું નામ બદલીને ઈસ્ત્રાએલ કર્યું. તેના બાર છોકરાથી ઈસ્ત્રાએલના બાર કૂળ બન્યા. ઉત્ત.૨૫-૪૮ અધ્યાય.

ઉત્ત ૨૫ઃ૨૧-૩૪ અને ૨૭ માં અધ્યાયમાંથી એ શોધો કે- યાકૂબે કેવી રીતે જયેષ્ટાધિકાર માટે પોતાના મોટા ભાઈને છેતર્યો. આ અધિકારથી વારસાના બમણા હિસ્સાની ખાતરી મળતી હતી. પુન૨૧ઃ૧૫-૧૭.

- **મૂળ સત્ય** : દેવની કૃપા અને પ્રેમાળ માફી આપણી સારી કરણીઓ પર આધારિત નથી. યાકૂબ જુઠુ બોલ્યો છતાં પણ રૂમીઃ૧-૧૬ પ્રમાણે દેવના આશિર્વાદો પામ્યો.

- **પ્રશ્નની ચર્ચા કરો. :** કઈ ખરાબ બાબતો યાકૂબે કરી અને કઈ સારી બાબતો તેણે કરી ?

  (જવાબ - યાકૂબે એસાવની ભૂખનો લાભ લઈને તેની પાસેથી જયેષ્ટપણાનો અધિકાર લઈ લીધો જે ફક્ત મોટા દીકરાને મળતો હતો અને તેનાથી વારસાના બમણા હિસ્સાની ખાતરી મળતી હતી. યાકૂબે સારા કામો પણ કર્યા તેણે નિષ્ઠાપૂર્વક દેવનું ભજન કર્યું અને પોતાની વ્હાલી ભાવિ પત્ની માટે ઘણાં વર્ષો સુધી કામ કર્યું. (રાહેલ માટે)

યુસફના ઈર્ષાખોર ભાઈઓએ તેને ગુલામ તરીકે વેચી દીધો. ઉત્ત.૩૭-૫૦. આ રીતે વેચી દીધા પછી તે ભાઈઓએ પોતાના બાપને કહ્યું કે જંગલી પ્રાણીઓએ યુસફને મારી નાખ્યો છે. યુસફને જ્યાં લઈ જવાયો ત્યાં તેના પર ખોટા આરોપો મૂક્રયા અને તેને બંદિખાનામાં નાખવામાં આવ્યો. ઉત્ત-૩૯. પાછળથી યુસફ દેવ સાથે ચાલતો હતો માટે દેવે યુસફને મિસરમાં મોટો અધિકારી બનાવ્યો. ઉત.૪૦-૪૦. તે બનાવો બન્યા પછી યુસફે પોતાના ભાઈઓ અને તેમના કુટુંબોને દુકાળથી બચાવ્યા. ઉત.૪૨-૪૫

- **મૂળ સત્ય :** દેવે પોતના લોકોને તેમના સગા મારફતે બચાવ્યા. આ સ્વજન તેમને બચાવી શકવાની સ્થિતિમાં હતો. ખ્રિસ્ત આપણો સ્વજન છે એ પાપરહિત માણસ આપણને બચાવવા માટે મરણ પામ્યો. હે ૨:૧૦-૧૮ આ
- **પ્રશ્નોની ચર્ચા કરો. :** કઈ બાબતોમાં યુસફનું જીવન ખ્રિસ્તની સમાનતા છે ?

  (જવાબ-યુસફ ઈસ્ત્રાએલપુત્રોમાંનો એક હતો જેઓએ ઈર્ષ્યાને કારણે ખ્રિસ્તનો નકાર કર્યો. તેનો બાપ તેને ખૂબ જ પ્રેમ કરતો હતો. તે આજ્ઞાપાલક દીકરો હતો. તેના પોતના લોકોએ તેને વેચ્યો (જેમ યહુદાએ ઈસુને વેચ્યો) તેને ઈજીપ્ત લઈ જવામાં આવ્યો.તેના પર આરોપ મૂકાયો અન બંદીખાનામાં નાખવામાં આવ્યો. પછી રાજાને જમણે હાથે અધિકારના સ્થાને તેને ઉંચો કરવામાં આવ્યો. આ હોદ્દા પર તેણે તેનો નકાર કરનારા તેના ભાઈઓને બચાવ્યા. મોટી મિજબાની વખતે તેણે તેની ઓળખ આપી.)



## ૨. તમે અને વિશ્વાસીઓ પછીના અઠવાડીયામાં શું કરશો તેનું આયોજન કરો.

તમારા લોકો બે કે ત્રણના જૂથમાં પોતાના મિત્રો કે સંબંધીઓના ઘેર જાય કે જેઓ હજુ ઈસુને જાણતા નથી. તેઓને આ પૂર્વજોની વાર્તાઓ કહેવામાં મદદ કરો.

## ૩. ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન

ઈસ્ત્રાએલના પૂર્વજોની વાત મંડળીના લોકોને કરો. ઉપર જણાવેલ પૂર્વજોમાંથી એક કે વધારે પૂર્વજોની વાર્તાઓ ટૂંકાણમાં સભામાં કહો.

ઉપરના પૂર્વજોની વાર્તાઓના મૂળ સત્ય કહો.

ઉપરના ચર્ચાના પ્રશ્નો પૂછો. સભાના લોકોને કહેવાની તક આપો એ સિવાય જવાબો કહી ના દેશો.

ઉત.૧૫:૬ **મોઢે કરાવો.**

**બાળકોએ** જે તૈયારી કરી હોય તે રજુ કરવા દો.

**પ્રભુની મેજ**ની સેવા માટે એ સમજાવો કે યુસફે પોતાના જે ભાઈઓએ તેને ગુલામ તરીકે વેચી દીધો હતો તેઓને મિજબાની આપી. તેઓ તેને ઓળખી શક્યા નહિ. તેણે તેઓને ક્ષમા આપી અને પછી પોતાનું પ્રકટીકરણ આપ્યું. આપણે પણ ઈસુ સાથે તેના મહિમામાં ભોજન કરીશું અને તેને મોઢામોઢ જોઈશું.